## પરિપત્ર:-

**વિષય:** ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત ક્રમાંક:૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી)ની તા.૦૭/૦૫/૨૦૨૩ની પરીક્ષા સંદર્ભે ટેકનિકલ/નોન ટેકનિકલ કોલેજો/સંસ્થાઓના અધ્યાપક /કર્મચારીઓની સેવા ઉપલબ્ધ કરાવવા બાબત.

**સંદર્ભ:** ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:મકમ-૯-૧૦/ગુ.પ.સે.પસંદગી/૨૦૨૩-૨૪ /૨૨૩૧-૨૭૮૭, તા.૦૧/૦૫/૨૦૨૩.

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની તલાટી કમ મંત્રી સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૭/૦૫/૨૦૨૩નાં રોજ યોજાનાર હોવાથી, અત્રેની યુનિવર્સિટી સંલગ્ન સરકારી, ગ્રાન્ટ ઈન એઈડ તથા સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં ૧ લી મે, ૨૦૨૩ થી વેકેશન પડતું હોઈ પરંતુ, યુનિવર્સિટી સંલગ્ન કોલેજોને પરીક્ષા કેન્દ્ર તરીકે ઉપયોગમાં લેવા પડે તેમ હોઈ તેમજ પરીક્ષા ખુબજ સંવેદનશીલ છે અને ઉમેદવારોની સંખ્યા પણ બહુ વિશાળ પ્રમાણમાં છે તેથી સદર પરીક્ષા પુરી ચોકસાઈથી લેવામાં આવે તેમજ પરીક્ષા સંચાલન માટે વિશાળ પ્રમાણમાં કેન્દ્ર નિયામક, ઈન્વીજીલેટર, સુપરવાઈઝર અને અન્ય કર્મચારીઓ સહિતના સ્ટાફની જરૂરીયાત હોવાથી ઉક્ત યોજાનાર પરીક્ષા માટે પરીક્ષાના આગળના દિવસ તથા પરીક્ષાના દિવસ એમ બે દિવસ માટે તમામ કોલેજો તથા કોલેજ/સંસ્થાઓના અધ્યાપકો/કર્મચારીઓની સેવાઓ પણ સંબંધિત કલેકટરશ્રી તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓના હવાલે ફાળવી આપવા માટે આચાર્યશ્રીએ તેમની કક્ષાએથી યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ:- ઉપર મુજબ.

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૩૬/૨૦૨૩
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ.
તા.૦૧/૦૫/૨૦૨૩

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ...

**નકલ સાદર રવાના:-**
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવ.
**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યાવાહી અર્થે:-**
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ પર પ્રસિદ્ધ કરવા અર્થે.)

ક્રમાક: મકમ-૯-૧૦/ગુ.પ.સે.પસંદગી/૨૦૨૩-૨૪/૨૨૩૯-૨૯૦
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
બ્લોક નં. ૧૨, બીજો માળ,
ડો. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.
તા.૦૧/૦૪/૨૦૨૩

પ્રતિ,
(૧) રજીસ્ટ્રારશ્રી, યુનિવર્સીટી (તમામ),
(૧) આચાર્યશ્રી, સરકારી કોલેજ (તમામ),
(૨) આચાર્યશ્રી, ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ (તમામ),

**વિષય:** ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત ક્રમાંક: ૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) ની તા.૦૭/૦૫/૨૦૨૩ની પરીક્ષા સંદર્ભે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક પ્રા.શિક્ષકોની સેવા તથા ટેકનિકલ/નોન ટેકનિકલ કોલેજો/સંસ્થાઓના અધ્યાપક/કર્મચારીઓની સેવા ઉપલબ્ધ કરાવવા બાબતે

**સંદર્ભ:** (૧) શિક્ષણ વિભાગના પત્રક્રમાંક: પરચ-૧૧૨૦૨૩-૭૮-વ.૨ તા.૨૬/૦૪/૨૦૨૩
(૨) ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાધીનગરના પત્રક્રમાંક: : RB-1/TCM/2023 તા.૨૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળની તલાટી કમ મંત્રી સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષા તા.૦૭/૦૫/૨૦૨૩ ના રોજ યોજાનાર હોવાથી, અત્રેની કચેરીના તાબા હેઠળની સરકારી અને ગ્રાન્ટ ઈન એઈડ અને સેલ્ફ ફાઈનાન્સ કોલેજને પરીક્ષા કેન્દ્રો તરીકે ઉપયોગમાં લેવા પડે તેમ હોઈ તેમજ પરીક્ષા સંચાલન માટે વિશાળ પ્રમાણમાં કેન્દ્ર નિયામક, ઈન્વીજીલેટર, સુપરવાઈઝર અને અન્ય કર્મચારી સહિતના સ્ટાફની જરૂરીયાત હોવાથી ઉક્ત યોજાનાર પરીક્ષા માટે પરીક્ષાના આગળના દિવસ તથા પરીક્ષાના દિવસ એમ બે દિવસ માટે તમામ કોલેજો સંબંધિત કલેકટરશ્રી તથા જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓના હવાલે ફાળવી આપવા માટે યોગ્ય કાર્યવાહી કરવા સુચના આપવામાં આવે છે.

સંયુક્ત કમિશ્નર
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુ.રા., ગાંધીનગર

બિડાણ:- ઉપર મુજબ

<u>નકલ સવિનય રવાના :</u>

૧) પ્રતિ, ઉપસચિવશ્રી, વ-૨, શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨) પ્રતિ, અધ્યક્ષશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, કર્મયોગી ભવન, બ્લોક-૨, પાંચમો માળ, સેકટર ૧૦-એ, ગાંધીનગર.
3) તમામ કલેકટરશ્રી, તમામ જીલ્લા.
૪) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ જીલ્લા.

Created with Scanner Mini

ટોચ અગ્રતા /ખૂબ અગત્યનું

ક્રમાક-પરચ-૧૧૨૦૨૩-૭૮-વ.ર

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

સચિવાલય,ગાધીનગર

તા.૨૬/૦૪/૨૦૨૩

ઉચ્ચ ... કમિશ્નરની કચેરી
ગુ.રા., ગાંધીનગર.
2 8 APR
8035
જાવક નં.:
શાખા :

પ્રતિ,

(૧) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૨) સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી,સમગ્ર શિક્ષા,સેક્ટર નં ૧૭, ગાંધીનગર

(૩) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

(૪) કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી,કર્મયોગી ભવન, ગાંધીનગર

(૫) નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણની કચેરી,બ્લોક નં ૧૨, ડો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર

(૬) નિયામકશ્રી, ગુંજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ સેક્ટર નં ૧૨ ગાંધીનગર

(૭) સચિવશ્રી,માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક બોર્ડસેક્ટર નં ૧૦બી ગાંધીનગર

(૮) સચિવશ્રી ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ, સેક્ટર ૨૧ ગાંધીનગર

વિષય –ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત ક્રમાંક -૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી)ની તા.૦૭/૦૫/૨૦૨૩ની પરીક્ષા સંદર્ભે માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક પ્રા.શિક્ષકોની સેવા તથા ટેકનિકલ/નોન ટેકનિકલ કોલેજો/સંસ્થાઓના અધ્યાપ/કર્મચારીઓની સેવા ઉપલબ્ધ કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના ગુજરાત પંચાયત સેવા મંડળના તા.૨૫/૦૪/૨૦૨૩ના પત્ર ક્રમાંક RB.1/TCM/2023 ની નકલ આ સાથે સામેલ રાખી મોકલી આપતાં જણાવવાનું કે, જાહેરાત ક્રમાંક-૧૦/૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી)ની સ્પર્ધાત્મક પરીક્ષા આગામી તારીખ-૦૭/૦૫/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨-૩૦ થી ૧૩-૩૦ કલાક દરમિયાન કુલ ૩૦ જિલ્લાઓમાં (ડાંગ, નર્મદા, ગીર સોમનાથ સિવાય) યોજાનાર છે. ઉપરોક્ત પરીક્ષા ખૂબ જ સંવેદનશીલ છે. તેમજ ઉમેદવારોની સંખ્યા ખૂબ વિશાળ પ્રમાણમાં છે. તેથી સદર પરીક્ષા પૂરતી ચોકસાઇ અને સુરક્ષા સાથે લેવાય તે અત્યંત જરૂરી છે.

તારીખ ૧ મે, ૨૦૨૩ થી રાજ્ય સરકાર દ્વારા રાજ્યની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને પ્રાથમિક શાળાઓમાં તથા કોલેજોમાં વેકેશન જાહેર થયેલું છે. આ સંજોગોમાં પરીક્ષાના આગળના દિવસે તેમજ પરીક્ષાના દિવસે તા.૦૭/૦૫/૨૦૨૩ પૂરતી સંખ્યામાં પરીક્ષાલક્ષી કામગીરી માટે ઇન્વીજીલેટર, સુપરવાઇઝર, કેન્દ્ર નિયામક અને અન્ય શિક્ષણ વિભાગના કર્મચારીઓની સેવા ઉપલબ્ધ રહી શકે તે હેતુથી માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સેવા તેમજ ટેકનિકલ/નોન-ટેકનીકલ, સરકારી/અર્ધ સરકારી/સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓના અધ્યાપકો/કર્મચારીઓની સેવાઓ પણ ઉપરોકત

1084

PTO

Created with Scanner Mini

પરીક્ષાના હેતુ માટે સંબંધિત કલેકટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને ઉપલબ્ધ કરાવવા જણાવેલ છે. આથી સદર બાબતે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આપવામાં આવેલ તમામ સૂચનાઓને ધ્યાને લઇ જરૂરી કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવા તથા આપના હસ્તકની કચેરીઓને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ

(એ.જી.ચૌધરી)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ

નકલ રવાના જાણ સારૂ-

(૧)અગ્ર સચિવશ્રી (ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨)સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યાવહી સારૂ-

(૧) સંયુક્ત સચિવશ્રી (પ્રા.શિ/SSA), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી (ટેકનિકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૩) નાયબ સચિવશ્રી (ઉચ્ચ શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) નાયબ સચિવશ્રી (મા.શિ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર



Created with Scanner Mini

(૨૨૨) ગ્રામીણ ...

C-35

હસમુખ પટેલ

આઈ.પી.એસ.

**અધ્યક્ષ**

સત્યમેવ જયતે

પત્ર ક્રમાંક: RB-1/TCM/2023

**ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ**

કર્મયોગી ભવન, બ્લોક-૨, પાંચમો માળ,

સેક્ટર-૧૦-એ, ગાંધીનગર-૩૮૨ ૦૧૦.

તારીખ:

તા.૨૫/૦૪/૨૦૨૩

પ્રતિ,

શ્રી મુકેશ કુમાર આઇ.એ.એસ.

અગ્ર સચિવશ્રી,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

**વિષય:-** ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ધ્વારા જાહેરાત ક્રમાંક:-૧૦/૨૦૨૧૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) ની તા. ૦૭/૦૫/૨૦૨૩ની પરીક્ષા સંદર્ભે માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક / પ્રા.શિક્ષકોની સેવા તથા ટેકનીકલ / નોન ટેકનીકલ કોલેજો / સંસ્થાઓના અધ્યાપક / કર્મચારીઓની સેવા ઉપલબ્ધ કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે,જાહેરાત ક્રમાંક-૧૦/ ૨૦૨૧-૨૨ ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી)ની સ્પર્ધાત્મક પરીક્ષા આગામી તારીખ-૦૭/૦૫/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨-૩૦ થી ૧૩-૩૦ કલાક દરમિયાન કુલ ૩૦ જિલ્લાઓમાં ( ડાંગ, નર્મદા ,ગીર સોમનાથ સિવાય) યોજાનાર છે. ઉપરોક્ત પરીક્ષા ખૂબ જ સંવેદનશીલ છે તેમજ ઉમેદવારોની સંખ્યા ખૂબ વિશાળ પ્રમાણમાં છે. તેથી સદર પરીક્ષા પૂરતી ચોકસાઈ અને સુરક્ષા સાથે લેવાય તે અત્યંત જરૂરી છે.

૨. મંડળ દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ પાસેથી પરીક્ષા કેન્દ્રોની દરખાસ્ત મેળવીને પરીક્ષા કેન્દ્રો ફાઈનલ કરવામાં આવ્યા છે.સામાન્ય રીતે પરીક્ષા કેન્દ્રોમાં ફરજ બજાવતા કેન્દ્ર નિયામક, ઇન્વીજીલેટર, સુપરવાઇઝર વગેરે કર્મચારીઓ જે તે શાળાના શિક્ષક હોય છે અથવા શિક્ષણ વિભાગના કર્મચારીઓ હોય છે.આ કર્મચારીઓ જે તે શાળા કક્ષાએ પરીક્ષાલક્ષી ફરજ બજાવતા હોઇ, તેમની વિશાળ સંખ્યામાં જરૂરીયાત રહે છે. આ ઉપરાંત, રાજયની સરકારી, અર્ધ સરકારી, સ્વનિર્ભર કોલેજો / સંસ્થાઓના અધ્યાપકો/ કર્મચારીઓની પણ જરૂરીયાત રહે છે.

૩. તારીખ ૧ મે,૨૦૨૩ થી રાજય સરકારશ્રી ધ્વારા રાજ્યની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને પ્રાથમિક શાળાઓમાં તથા કોલેજોમાં વેકેશન જાહેર થયેલું છે આ સંજોગોમાં પરીક્ષાના આગળના દિવસે તેમજ પરીક્ષાના દિવસે તા.૦૭/૦૫/૨૦૨૩ પૂરતી સંખ્યામાં પરીક્ષાલક્ષી કામગીરી માટે ઇન્વીજીલેટર, સુપરવાઇઝર, કેન્દ્ર નિયામક અને અન્ય શિક્ષણ વિભાગના કર્મચારીઓની સેવા ઉપલબ્ધ રહી શકે તે હેતુથી આપશ્રી હસ્તકની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને પ્રાથમિક શાળાઓના શિક્ષકોની સેવા તેમજ ટેકનીકલ/નોન-ટેકનીકલ, સરકારી/અર્ધ સરકારી/સ્વનિર્ભર કોલેજો/સંસ્થાઓના અધ્યાપકો/કર્મચારીઓની સેવાઓ પણ ઉપરોકત પરીક્ષાના હેતુ માટે સંબંધિત કલેકટરશ્રી તથા જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને ઉપલબ્ધ કરાવવા સવિનય વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(હસમુખ પટેલ)

અધ્યક્ષ

DS(HE)

DS(OT.)

નકલ રવાના - જાણ તથા આગળની જરૂરી કાર્યવાહી સારૂ:-

(૧) તમામ કલેકટરશ્રી,

(૨) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી

ફોન નં. : ૦૭૯ ૨૩૨ ૫૮૫૨૯

Created with Scanner Mini